सा विद्या या विमुक्तये

# શારદ

વર્ષ ૨૯ એપ્રિલ ૨૦૧૦ અંક-૫

## વાલીઓને......

છેલ્લા કેટલાક સમયથી ગુજરાતી ભાષાના સંવર્ધન માટે ઠીકઠીક પ્રયત્નો થાય છે અને આ સાચી દિશામાં રચનાત્મક આયોજનો પણ થઈ રહ્યા છે તેનો ઉલ્લેખ મેં ગયે વખતે કર્યો હતો.

ભાષાનો પ્રશ્ન અત્યંત માવજત માંગતો હોય છે અને તેને મારી મચડીને હલ કરવા જતા તે બૂમરેંગ થાય છે એમ હું માનું છું. ત્રણેક પ્રસંગો હું જણાવું. ગુજરાતમાં ધો.૫ થી અંગ્રેજી કાઢી નાખીને તે ધો.૮ થી શરૂ કરવું તેવો ભારે ઉતાવળીયો નિર્ણય લેવાયો તે આનું દુઃખદ ઉદાહરણ છે. વિરોધનો સામનો કરવા માટે પણ જે ઉપાયો યોજ્યા તે પણ હાસ્યાસ્પદ ગણાય તેવા હતા. કારણકે ધો.પાંચમાંમા પણ અંગ્રેજી ભણાવી શકાય તેવો સુધારો આંદોલનને શાંત પાડવા માટે કર્યો હતો પરંતુ શ્રેણી પાંચમાંથી અંગ્રેજી શીખ્યા હોય તે અને શ્રેણી આઠમાથી અંગ્રેજી લીધું હોય તે વિદ્યાર્થીઓનો અભ્યાસક્રમ ધોરણ આઠમા એકસરખી કક્ષાનો જ ગણવામાં આવ્યો. ભાષાની માવજત લેવાની ભૂલનું બીજું ઉદાહરણ હિન્દી ભાષા દક્ષિણ ભારતના લોકો ઉપર લાદવાનો નિર્ણય કરવામાં આવ્યો તે છે. આવો પ્રયત્ન થયો તે પહેલા દક્ષિણ ભારતના લોકો હોંશે હોંશે રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ દ્વારા લેવાતી પરીક્ષાઓ આપતા હતા. ને આ નિર્ણય પછી ઠેરઠેર હિન્દી સામે ભારે આંદોલન થયા. એવું જ ત્રીજું ઉદાહરણ આપું કે સરકારી નોકરી માટે સ્વતંત્રતા પ્રાપ્ત થયા પછી હિન્દી શીખવું ફરજીયાત બન્યું. આ માટે રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિની પરીક્ષાઓ માન્ય ગણાઈ અને સરકારી નોકરો આ પરીક્ષા પણ જરૂરીયાત સમજી આપતા. પરંતુ એકાએક આ પરીક્ષાઓને અમાન્ય ગણી હિંદુસ્તાની શીખવાનું ફરજીયાત કરવામાં આવ્યું કે જેમાં ઉર્દુ લિપિ અને ફારસી શબ્દોનો ઠીકઠીક ઉપયોગ થતો હોય, પરીણામ એ આવ્યું કે હિન્દીની પરીક્ષાઓ આપવાનું સંપૂર્ણ રીતે બંધ થઈ ગયું.

ગુજરાતી માટે એક રચનાત્મક આંદોલન હાલ "વાંચે ગુજરાત"નું થઈ રહ્યું છે. એ માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા જોઈએ અને શાળાઓમાં પુસ્તકો વાંચવા માટેનું પ્રોત્સાહન અપાવું જોઈએ. શાળાની એસેમ્બલીમાં સારી સાહિત્યકૃતિનું રોજેરોજ વાંચન થવું જોઈએ. સાથે સાથે વકતૃત્વ સ્પર્ધાઓનું આયોજન થવું જોઈએ. વિદ્યાર્થીઓને હાલની પરીક્ષામાં વર્ણનાત્મક લેખન માટે ખૂબ ઓછી તક આપવામાં આવે છે. એકાદ નિબંધ કે પત્રલેખન કે કાવ્યના પ્રશ્નો વાંચીને રસદર્શનનો પ્રશ્ન પૂછીને સંતોષ માનવામાં આવે છે બાકી ખાલી જગાઓ, ટૂંકા પ્રશ્નો જેવા પ્રશ્નોનું મહત્વ પરીક્ષામાં રાખવામાં આવ્યું છે જે માત્ર ગોખણપટ્ટીને પ્રોત્સાહન આપે છે અને ગુણના ઢગલા કરી આપે છે, પરંતુ ભાષાની અભિવ્યક્તિ માટેની તાલીમ શૂન્યવત્ થઈ જાય છે. એસ.એમ.એસ. અને ઈ-મેઈલને કારણે પત્રલેખન બંધ થયું છે.

## સ્મૃતિચિત્રો

### શારદામંદિરમાં પૂજ્ય મોરારિબાપુ

એ વાતને આજે લગભગ એક વર્ષ થયું. આજે જાહેર પરીક્ષાઓ પૂરી થઈ છે. ગયે વર્ષે જાહેર પરીક્ષાના અરસામાં મોરારિબાપુ શારદામંદિરમાં આવ્યા હતા તેની સ્મૃતિ તાજી થઈ છે.

સવારની શાળા હોઈ પ્રાથમિક શાળાના વર્ગો ૧૧-૩૦ વાગતા છૂટયા હતા અને વાલીઓ બાળકોને લેવા માટે કમ્પાઉન્ડમાં પ્રવેશદ્વાર પાસેના ચોગાનમાં હતા. આખું કમ્પાઉન્ડ વિદ્યાર્થીઓ અને વાલીઓથી ભરાઈ ગયું હતું. હાઈસ્કુલ વિભાગમાં જાહેર પરીક્ષા માટે સીટ નંબર ગોઠવેલા વર્ગો જોવા માટે પણ ધસારો શરૂ થવા લાગ્યો હતો. એટલામાં એક કાર્યકરે આવીને મને પૂછયું કે મોરારિબાપુ આવ્યા છે તો ગાડી અંદર આવવા દઈશું? પ્રશ્નને કારણે મારા મનમાં જે દ્વિધા ઉભી થઈ હતી તે જોતા તેમણે સ્પષ્ટતા કરીકે બાપુના એક પરિચિતનો પુત્ર પરીક્ષામાં બેઠો છે તેનો નંબર જોવા માટે તેનું કુટુંબ આવ્યું છે અને બાપુ સાથે છે.

મેં ગાડી અંદર લેવા માટે ચોકીદારને સૂચના આપી. થોડી જગા થતાં ગાડી અંદર આવી અને બાપુને જોઈને ખૂબ આનંદ થયો.

અમર ભટ્ટ સાથે જ્યારે જ્યારે વાત થાય ત્યારે અનેક વખત મેં અમરને કહ્યું હતું કે બાપુને એકવાર શારદામંદિરમાં લાવવા છે એ સંદર્ભમાં બાપુનું આગમન ભારે રોમાંચકારી અને આશ્ચર્યજનક બની ગયું. લોકોની ભીડ જોતા બાપુને મારી ઓફિસમાં આવવા માટે વિનંતી કરી અને ૧૦-૧૫ મિનિટ વ્યવસ્થા કરવાના સમય દરમ્યાન બાપુ ઓફિસમાં જ બેઠા. બધું એટલું ઝડપથી બની ગયું કે બાપુ સાથે શી વાત કરવી તેની સમજણ પડતી ન હતી. ગઈ સદીના ત્રીજા અને ચોથા દાયકામાં બાપુ જે વિસ્તારમાં રહે છે તે જ વિસ્તારની જાફરાબાદની શાળાનો હું વિદ્યાર્થી હતો તે અંગે થોડી વાત કરી અને તે દરમ્યાન જે વિદ્યાર્થીનો નંબર જોવાનો હતો તે કયાં છે તે તપાસ કરાવી બાપુને લઈ જવાનું બન્યું. સારા નસીબે ઓફિસની બાજુના જ વર્ગમાં તે નંબર હોઈ લોકોની ગીરદીનો બહુ સામનો કરવો ન પડયો.

આ વર્ષના અસ્મિતા પર્વ નિમિત્તે અમર ભટ્ટનો કાર્યક્રમ તેમાં ગોઠવાયેલો હોઈ સ્હેજે આ પ્રસંગ મને યાદ આવી ગયો.

થોડા સમય અગાઉ જાણીતા સાહિત્યકાર શ્રી રઘુવીર ચૌધરીનું બાપુના જીવન વિશે લખાયેલું પુસ્તક 'માનસ થી લોકમાનસ' વાંચવાનું બન્યું અને બાપુની સરળતા કેવી છે તેનો પ્રત્યક્ષ અનુભવ માણવા મળ્યો. હંમેશા યાદ રહી જાય તેવો આ પ્રસંગ અત્યંત સ્મૃતિરૂપ મારે માટે રહેશે.

**દિનુભાઈ દવે**

## રોજેરોજની વાચનયાત્રામાંથી

અનેક માણસો આખી જીંદગી ભાગ્યે જ કશુંક નક્કર અને નોંધપાત્ર વાંચતા હોય છે. વાચનની વૃત્તિ એ દરેક માણસની કુદરતી પ્રક્રિયા નથી, એને કેળવવી પડે છે. વાચનની ટેવ નાનપણથી પાડવી જોઈએ. મા-બાપોએ અને શિક્ષકોએ તે પાડવી જોઈએ.

**- શ્રી પુરૂષોત્તમ ગ.માવળંકર**

## વેકેશનની મઝા

'અરે વંદિત ! આજે પેપર પૂરું થાય એટલે તમે બધાં ઘેર ન જતાં રહેશો. આપણે બધાં ભેગાં મળી વેકેશનનો પ્લાન બનાવવાનો છે, સમજયાં! યાર.. છેલ્લાં કેટલા વખતથી એવો તો કંટાળો આવ્યો છે કે ન પૂછો વાત... જે દિવસથી પરીક્ષાનું ટાઈમટેબલ આવ્યું છે ત્યારથી તો મમ્મી આખો દિવસ 'ભણવા બેસ, વાંચવા બેસ... પછી માર્કસ્ ઓછા આવશે ત્યારે !... ગઈ વખતે ખબર છે ને ?... બે માર્કસ્ માટે અર્ચન પહેલો નંબર લઈ ગયો હતો'... અને આખો દિવસ ભણભણ કરીએ ત્હોય મમ્મીને તો એવું જ લાગે કે આપણને ભણવું જ નથી ગમતું એટલે પાછી વારંવાર વઢયાં કરે...'ભણવું જ કયાં ગમે છે ?' મને તો એમ થાય છે કે આ ભણવાનું કોણે કર્યું હશે ?....અને આ પરીક્ષા... પરીક્ષા ન હોય તો હજી કંઈએ ભણવાનું ગમે... પણ પરીક્ષાનાં ટેન્શનથી તો હું ગાંડો થઈ જાઉં છું... આજે આ પરીક્ષા પતે એટલે બસ બંદા છૂટા, એવી મજા કરવી છે કે ન પૂછો વાત.. અરે! મારે તો વાર્તાની ચોપડીઓ પણ કેટલી બધી વાંચવાની ભેગી થઈ છે!.. સ્કૂલ ચાલુ હોય અને જો વાર્તાની ચોપડી હાથમાં લીધી હોય તો મમ્મીનો પહેલો જ પ્રશ્ન હોય.. 'લેસન પૂરું થઈ ગયું ? વાર્તાની ચોપડી વાંચવાનું મન થાય છે એને બદલે ભણોને તો ઉધ્ધાર થાય'.. અરે ભાઈ ! કોઈ વાર વાર્તાય વાંચવાનું મન ન થાય ! પણ મમ્મી તો ભણવા સિવાય બીજી ચોપડી જ હાથમાં લેવા દેતી નથી ને. એટલે આ વેકેશનમાં તો મેં એટલી બધી વાર્તાની ચોપડીઓ વાંચવાનું નક્કી કર્યું છે. અને હા...'આપણે ક્રિકેટ અને બધું રમવાનો ય પ્લાન બનાવવો છે હોં !' આ વખતે તો બસ વેકેશનમાં બરાબર મઝા કરી લેવી છે. જો જે પાછો દેવાંગ, અર્ચન, આદિત્ય બધાં જતાં ન રહે.. બધાંને કહેજે હોં... '

પરિતોષનાં મગજમાં વેકેશનનો કેવો ઉમંગ અને ઉત્સાહ છે !... બધાં જ છોકરાંઓને વેકેશન શરૂ થતાં પહેલાં આવું એકસાઈટમેન્ટ હોય એ સાહજીક છે પણ ... વેકેશન શરૂ થાય અને છોકરાંઓનાં એ કલ્પનાનાં ઘોડાં કયારેક ધાર્યા જેવા દોડી શકતાં નથી કારણ એમની મહાત્વાકાંક્ષી માતાઓએ તો એમને વગર પૂછે, એમની સંમતિ પણ લીધા વગર જ, એમને માટે જુદી જુદી પ્રવૃત્તિ અને કલાસનું આયોજન કરી દીધું હોય છે. પેલી સુચેતાએ તો એના પિન્ટુને સ્કેટીંગમાં મૂકયો, એટલે મોનાબેને પણ એ જ દિવસે એમના દીકરા માટે સ્કેટીંગ કલાસની ફી ભરી દીધી. દીકરાને પૂછવાનું નહી.. કે 'તને સ્કેટીંગ કરવું છે ?'... 'તને સ્કેટીંગ કરવું ગમશે ?' મમ્મી તો માની જ લે છે... 'છોકરાંને વળી શી ખબર પડે ?' એની જવાબદારી તો આપણે જ માથે હોય ને ! આપણે કહીએ એ એણે કરવાનું હોય...

કોઈકે વળી સ્વીમીંગની ફી ભરી દીધી હોય, અરે ! હજી વેકેશન શરૂ થવાને તો વાર હોય ને એટલા માબાપ સ્વીમીંગના ફોર્મ પર સહી કરાવવા આવે. ઉનાળામાં છોકરાં સ્વીમીંગ શીખે તે સારું તો ખરું જ, ગમે ય ખરું, મઝા પણ આવે પણ મને થાય ત્યાં ટ્રાફિક જામ નહીં થતો હોય ! આટલા બધાં લોકો એકસામટાં સ્વીમીંગ કેવી રીતે કરતાં હશે ! વસ્તી વિસ્ફોટનો પ્રશ્ન, અને ગાડરિયો પ્રવાહ... છોકરાંને તરવા જેટલી મોકળાશ મળતી હશે ખરી ! મને સહી કરતાં કરતાં કયારેક ચિંતા થાય છે કે પછી મોડી રાત સુધી જુદી જુદી બેચ ચલાવતાં હશે !

બાળકોને આપણે શું સમજીએ છીએ ! એમને ગમા અણગમા જેવું કશું જ ન હોય ! આખું વર્ષ ભણ્યાં પછી માત્ર મહિનો દોઢ મહિનો વેકેશન પડે તેમાં એમને મન ગમે ત્યારે, મન ગમે તે કરવાની સ્વતંત્રતા જ નહીં આપવાની ! બાળકોને આપણે શું આપણા ચાવીવાળા રમકડાં સમજીએ છીએ ! મનની મોકળાશ માણવાનો એમને અધિકાર જ નહીં ! એમનાં બાળપણની, નિજાનંદની મસ્તીનું શું !

વેકેશનમાં તો બાળક મનમોજી થઈ મુક્તમને ઘરનો ખૂણેખૂણો માણે, મન ફાવે તેમ રમે, સાહસકથાઓ કિશોરકથાઓ, બકોર પટેલ, અરે! આજે તો કેટકેટલું બાલસાહિત્ય મળે છે ! એમાં ખોવાઈ જવાની ય મઝા કંઈ ઓર હોય છે... બાળકને વાર્તાની ચોપડીમાં તન્મય થઈ જતું, એકલું એકલું એ વાંચતાંને ખડખડાટ હસતાં તમે કયારેય જોયું છે ! ભણવાની ચોપડીઓ કરતાં ય બાળકને વધુ જ્ઞાન તો ઈતરવાંચનમાંથી મળે છે. પણ આપણે તો ભણવા સિવાયની ચોપડી એને હાથમાં જ કયાં લેવા દઈએ છીએ! વેકેશનમાં છોકરાંઓને મામા માસી કે ફોઈને ત્યાં જઈને એનો પ્રેમ પામવાની તક પણ આપતાં નથી. આજે વિભક્ત કુટુંબ થઈ ગયાં છે, ઘરમાં માત્ર બે જ બાળકો હોય એટલે ઘરમાં તો કંપની મળે નહીં, બાળકોને પ્રેમ હૂંફ કશું જ મળતું નથી, માબાપ તો તેમના વ્યવસાયની પાછળ દોડમાં હોય, વેકેશનમાં બાળકને આવા કલાસોમાં વળગાડી દઈ સંતોષ માને, તેના બદલે આવા સ્વજનોનો પ્રેમ અનુભવવાનું જો આયોજન થાય તો બાળકનું કેવું સારું ઘડતર થાય ! અને તેની લાગણીને પણ કેવી સારી માવજત મળે! આપણે રોબોટ બનાવવાનાં નથી, બાળકો બુધ્ધિશાળી થાય એ જરૂરી ચોક્કસ છે પણ તે સાથે એ સંવેદનશીલ નહીં બને તો એ જીવંત માનવ નહીં બની શકે, અને એ માટે આ વેકેશન એ સૌથી સારો સમયગાળો છે કે જેમાં બાળકના વ્યક્તિત્વનાં સર્વાંગી વિકાસની તક અને સમય બંને મળી શકે છે પણ તે માટે આપણામાં સમજ અને સૂઝ જોઈએ, દ્રષ્ટિ જોઈએ.

**ઊર્મિલા શાહ**

# સંસ્થાકીય સમાચાર

## બાલવાડી

બાલવાડીમાં અપાતી જીવન વ્યવહાર અને ઈન્દ્રિય શિક્ષણની પ્રવૃત્તિઓમાં બાળકો ખૂબ જ ઉત્સાહપૂર્વક અને રસપૂર્વક ભાગ લે છે.

તા.૧૨-૩-૧૦ના રોજ 'ઉંદર સાત પૂંછડિયો'ની વાર્તા પપેટ દ્વારા દર્શાવવામાં આવી હતી. બાળકોએ ખૂબ જ મઝા માણી હતી.

પ્રવાસથી બાળક પ્રત્યક્ષ જ્ઞાન મેળવે છે એ હેતુથી તા.૨૬-૩-૧૦ના રોજ રસાલા નેચર પાર્ક(મીની ઝૂ) ના પ્રવાસનું આયોજન કરાયું હતું. હાજર રહેલા સૌ બાળકો ખૂબ ખુશ થયા હતા.

તા.૨૭-૩-૧૦ના રોજ પંચતંત્રની બાળવાર્તાઓ ડીવીડી દ્વારા ટી.વી. સ્ક્રીન પર નિહાળી બાળકોને ખૂબ મઝા પડી હતી.

રમતોત્સવમાં સંગીતખુરશી, રંગીન ઘન, ધજાની રમત, બોલની રમત, મેમરી ગેમમાં બાળકો ખૂબ જ આનંદથી રમ્યા હતા.

## બાલમંદિર

તા.૨૩-૨-૧૦ને મંગળવારે તાલીમના બાળકો માટે ચિત્ર હરીફાઈનું આયોજન કરવામાં આવ્યું. બાળકો રંગ અને રેખામાં તન્મય થઈ ગયા અને એમનાં મનોભાવને વ્યક્ત કર્યા.

તા.૧૬-૩-૧૦ને મંગળવારે 'ગુડી પડવો' તહેવારની બાળકોને સમજ આપી તેમને લીમડાનો રસ પીવડાવવામાં આવ્યો.

રામભગવાનમાં રહેલા ત્યાગ અને સહનશીલતાના ગુણોની માહિતી રામનવમીના તહેવાર નિમિત્તે આપી.

તા.૧૯-૩-૧૦ના દિવસે તાલીમના બાળકોના ગ્રુપ ફોટાનું આયોજન કરવામાં આવ્યું. અને વર્ષ દરમ્યાન વિજેતા નિવડેલા બાળકોને સર્ટીફીકેટ વિતરણ કરવામાં આવ્યું.

તા.૨૩-૩-૧૦ને મંગળવારે તાલીમના બાળકો માટે સુલેખન સ્પર્ધા યોજવામાં આવી.બાળકોએ ખૂબ સુંદર અક્ષરથી સુલેખન કર્યું.

બાળકોને ટી.વી.ના માધ્યમ દ્વારા પંચતંત્રની બાળવાર્તાઓ બતાવી. જેમાં બાળકોને ખૂબ મજા આવી.

**વિદાય સમારંભ :**

તાલીમના વિદ્યાર્થીઓએ ત્રણ વર્ષના અંતે હવે બાલમંદિરમાંથી વિદાય લઈ મોટી સ્કૂલમાં આવવાનું હોઈ બાલમંદિરમાં તેમને માટે વિદાય સમારંભ યોજવામાં આવ્યો. ખાસ તૈયાર કરેલી રંગબેરંગી ટોપી પહેરી, આનંદભેર મનગમતાં ગીતો ગાઈ કૂચ કરી બાળકોએ તેમનાં વહાલા શિક્ષકોના પ્રેમભર્યા આશીર્વાદ મેળવી એમનાં અતિપ્રિય એવા બાલમંદિરની વિદાય લીધી.

## શિશુમંદિર

તા.૨૩-૧-૧૦ના રોજ રમતોત્સવ યોજાઈ ગયો. ધોરણ ૧ થી ૭ના વિદ્યાર્થીઓ માટે વ્યક્તિગત અને સાંઘિક રમતોની સ્પર્ધાઓ યોજાઈ. વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

તા.૨૬-૨-૧૦ના રોજ હોળી ગીતોનો કાર્યક્રમ યોજાયો. કાર્યક્રમ ખૂબ સરસ રહ્યો.

**કલા પ્રતિભા શોધ ચિત્ર સ્પર્ધા :** તા.૧૮-૨-૧૦

| | | |
|---|---|---|
| ધો.૧ | પ્રથમ | ગાંધી ચાર્મી |
| | દ્વિતીય | શુક્લ યશ્વી, શુક્લ ચૈતસી |
| | તૃતીય | નાયક કેરૂલ, શાહ સખી, જાની પર્વ, શાહ ક્રિશ્ના |
| ધો.૨ | પ્રથમ | શાહ સ્તવન |
| | દ્વિતીય | કડિયા કૃપા, લગડ હેલી, ડાભી બ્રિન્દા |
| | તૃતીય | પટેલ કુશ, વોરા કથન, શાહ તનુજ |
| ધો.૩ | પ્રથમ | ગાડે જુહી |
| | દ્વિતીય | પરીખ રાજસી, શુકલ પ્રકૃતિ, ઠક્કર તેજેન |
| | તૃતીય | પરમાર ઉર્જા, રાવલ ખુશાલી, શાહ ફેની |
| ધો.૪ | પ્રથમ | પારેખ મોક્ષા |
| | દ્વિતીય | મોદી વ્યોમ, ઠક્કર ધૈર્યા, શાહ યશ |
| | તૃતીય | ઠક્કર હર્ષ, શાહ અક્ષત એમ., પંચોલી ત્વરિત |
| ધો.૫ | પ્રથમ | શાહ ક્રિશા |
| | દ્વિતીય | શાહ ખ્યાતિ, શાહ કરીના |
| | તૃતીય | શાહ મીત, પંડયા પ્રાચી, શાહ જૈનમ |
| ધો.૬ | પ્રથમ | શાહ ખુશાલી |
| | દ્વિતીય | ભાવસાર જૈનાક્ષી, શાહ દ્રષ્ટિ |
| | તૃતીય | કાજીવાલા રાજવી, શાહ કશિશ, વોરા ઉમંગ, કકૈયા વિશ્વા |
| ધો.૭ | પ્રથમ | ત્રિવેદી જયતિ |
| | દ્વિતીય | મહેતા ગરિમા, પરીખ માનસી, પટેલ રીયા |
| | તૃતીય | ભટ્ટ નિરાલી, શાહ આયુષી, ઝવેરી હેત્વી, તબિયાર ઉત્સવ, શાહ સમકિત |

વર્ષ દરમ્યાન કરેલી ઈતર પ્રવૃત્તિઓની આંતરગૃહ સ્પર્ધાઓનું આખરી પરિણામ નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| પ્રથમ | રત્નદીપ | ૨૨૮ |
| દ્વિતીય | ગંગોત્રી | ૨૧૮ |
| તૃતીય | મેઘનાદ | ૧૬૨ |
| ચતુર્થ | ધવલગિરિ | ૧૬૧ |

## Shardamandir Modern School

**કલા પ્રતિભા શોધ ચિત્ર સ્પર્ધા :**

| | | |
|---|---|---|
| ધો.૧ | પ્રથમ | જાની દિવ્ય |
| | દ્વિતીય | શાહ નિશ્રા, |
| | તૃતીય | સોહિલ કિશન |
| ધો.૨ | પ્રથમ | ભાવસાર નંદિની |
| | દ્વિતીય | ઝવેરી કીર્મી, અમીન અચલ |
| | તૃતીય | ઠક્કર મહેર, શાહ સમકિત, વ્યાસ યુવરાજ |
| ધો.૩ | પ્રથમ | ગાંધી નેન્સી |
| | દ્વિતીય | કટારીઆ મીત, પટેલ અમન |
| | તૃતીય | ગોહેલ દ્રષ્ટિ, પાઠક કાનન |
| ધો.૪ | પ્રથમ | રાજપાલ તનીશા |
| | દ્વિતીય | અમીન અમાની, શાહ પ્રિયલ |
| | તૃતીય | શાહ રાજવી, વઘાસીયા ઉર્મિ |
| ધો.૫ | પ્રથમ | મહેતા નીજલ |
| | દ્વિતીય | કોન્ટ્રાકટર જીલ, શાહ ધ્રુમિ |
| | તૃતીય | શાહ રિધ્ધિ, મહેરિયા કેયૂર |
| ધો.૬ | પ્રથમ | રાવલ શૈલ |
| | દ્વિતીય | નામા મહીમા, નવલખા ધ્રુવ |
| | તૃતીય | પંડિત ફલક, શાહ હર્ષિલ |
| ધો.૭ | પ્રથમ | ઠક્કર કાંચી |
| | દ્વિતીય | શાહ ભાષા, શાહ અંજસિ |
| | તૃતીય | શાહ નતાશા, શાહ વિધિ , મહેતા તુલસી |
| ધો.૮ | પ્રથમ | શાહ વૈશલ |
| | દ્વિતીય | રાજા પ્રેરક |
| | તૃતીય | પટેલ જહાનવી, શાહ સાગર |
| ધો.૯ | પ્રથમ | દેસાઈ ખુશ્બુ |
| | દ્વિતીય | ભગત રાધિકા, ઉપાધ્યાય શિવાની, |
| | તૃતીય | દવે નીર્વન, શાહ મેહા, સોની મૌલિ |

વર્ષ દરમ્યાન થયેલી ઈતર પ્રવૃત્તિની આંતરગૃહ સ્પર્ધાઓનું સમગ્ર પરિણામ નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| પ્રથમ | પલાશ | ૧૮૭ |
| દ્વિતીય | અમલતાસ | ૧૭૫ |
| તૃતીય | કદંબ | ૧૭૨ |
| ચતુર્થ | પારિજાત | ૧૨૩ |

## વિનયમંદિર

તા.૨૪-૨-૧૦ના રોજ ધી એકસપેરીમેન્ટ ઈન ઈન્ટરનેશનલ લીવીંગ અને શારદામંદિર વિનયમંદિરના સંયુક્ત ઉપક્રમે આંતરગૃહ ક્વીઝ યોજાઈ, જેનું પરિણામ નીચે મુજબ આવ્યું.

| | | |
|---|---|---|
| પ્રથમ | ચંદ્રમૌલિ | અલય શાહ, કૃતિ શાહ |
| દ્વિતીય | મેઘદૂત | માનુષ પટેલ, કૃપાલ જાદવ |

ધી એક્સ્પેરીમેન્ટ ઈન ઈન્ટરનેશનલ લીવીંગ તરફથી **શ્રી નીલાબેન ઉપાધ્યાય** અને **ડૉ.સોનલબેન પંચાલ** ઉપસ્થિત રહ્યા હતાં અને પ્રથમ વિજેતા ટીમના બંને સ્પર્ધકોને ઈનામ આપ્યા હતા. **શ્રી જયંતિભાઈ**એ તથા **શ્રી વશરામભાઈ**એ ક્વીઝનું સંચાલન કર્યું હતું અને **શ્રી સુનિતાબેન** સ્કોર ગણવાની જવાબદારી સંભાળી હતી.

વર્ષના અંતે ઈતરપ્રવૃત્તિની આંતરગૃહ સ્પર્ધાઓનું સમગ્ર પરિણામ નીચે મુજબ આવ્યું છે.

| | | |
|---|---|---|
| પ્રથમ | ગીતગોવિંદ | ૧૯૬ |
| દ્વિતીય | મેઘદૂત | ૧૯૦ |
| તૃતીય | ચંદ્રમૌલિ | ૧૭૬ |
| ચતુર્થ | પદ્મપુકુર | ૧૪૬ |

## અભિનંદન

| સંસ્થા | વિદ્યાર્થીનું નામ | ઈનામ |
|---|---|---|
| | **ચિત્ર** | |
| અખિલ હિંદ | યશ્વી શુક્લ ધો.૧ | પ્રથમ |
| મહિલા પરિષદ | હેતાંશી શાહ ધો.૧ ઈ | દ્વિતીય |
| | ચૈતસી શુક્લ ધો.૧ | તૃતીય |
| | શ્રુતિ ખરાટે ધો.૨ | દ્વિતીય |
| | અમન પટેલ ધો.૩ ઈ | પ્રથમ |
| | જૂહી ગાડે ધો.૩ | દ્વિતીય |
| | યશ શાહ ધો.૪ | પ્રથમ |
| | તનીશા રાજપાલ ધો.૪ ઈ | દ્વિતીય |
| | ધૈર્યા ઠક્કર ધો.૪ | તૃતીય |
| | **કરાટે** | |
| યોગ એન્ડ માર્શલ આર્ટસ એકેડમી ઓફ ઈન્ડિયા | આત્મિન શાહ | ગોલ્ડન બ્રાઉન બેલ્ટ |
| WIKFગુજરાત સ્ટેટ કરાટે ચેમ્પીયનશીપ | દીપ કાપડીયા | પ્રથમ under-9 |
| | **ચેસ** | |
| ગુર્જર ચેસએકેડમી | સમકીત શાહ | દ્વિતીય |
| ગુજરાત સ્ટેટ ચેસ એસોસીએશન | સમકીત શાહ | દ્વિતીય |
| અમદાવાદ ચેસ એકેડમી | નીરાલી | ચતુર્થ |
| | **ફૂટબોલ** | |
| કહાની ટાઈમ ટ્રસ્ટ આયોજીત સિન્ટેક્ષ ફૂટબોલ ટુર્નામેન્ટ | અમન શાહ | પ્લેયર ઓફ ધી ટુર્નામેન્ટ મેન ઓફ ધી મેચ |

* * *

માતા, માતૃભાષા અને માતૃભૂમિ સ્વર્ગથી પણ ચઢિયાતી છે. માતૃભાષા માતાના દૂધ જેટલી જ પવિત્ર છે. માતૃભાષા અભિવ્યક્તિનું સર્વશ્રેષ્ઠ માધ્યમ છે. પ્રબળ સાધન છે. એનું સમૃદ્ધિકરણ, સરળીકરણ અને સંરક્ષણ સમયે સમયે થતું રહેવું જોઈએ.

- ડૉ.રવીન્દ્ર દવે

માતૃભાષા, માતૃભૂમિ અને મા ને બદલી ના શકાય. ભાષાનું તમે રક્ષણ કરશો તો તે તમારું રક્ષણ કરશે. ગુજરાતીમાં વાત કરો, ને વ્યવહારમાં પણ ગુજરાતી અપનાવો, અંગ્રેજી રહેવું જોઈએ ને તેનું સારી રીતે શિક્ષણ આપવું જોઈએ, પણ માતૃભાષાના ભોગે કશું જ નહિ.

જે વ્યક્તિ પોતાની માતૃભાષામાં વિચારી શકતી નથી, તે નવાં નવાં સંશોધનો કરી શકતી નથી. માતૃભાષા સાથે સંસ્કૃતિ સંકળાયેલી છે, માતૃભાષા જશે તો સંસ્કૃતિ પણ ચાલી જશે.

- ધીરુભાઈ ઠાકર

## માતૃભાષાનું મહિમાગાન

ગુજરાતી માતાપિતા જરૂર ઈચ્છે છે કે, એમનાં દિસંતાં, કોડીલાં, કોડામણાં સંતાનો નરસિંહ, મીરાં, દયારામ, નર્મદ, દલપતરામ, ન્હાનાલાલ,કલાપી, મેઘાણી, કાકાસાહેબ, ર.વ.દેસાઈ, ધૂમકેતુ, સાંઈ મકરન્દને વાંચે અને માણે. તેઓ ઈચ્છે છે કે નિશાળમાં સંતાનો ગુરુજનોને નમસ્તે કહે. તેઓ ઈચ્છે છે કે સંતાનોને પ્રાર્થનામાં દસ-પંદર સંસ્કૃત શ્લોકો મધુર કંઠે ગાવાનું શિક્ષણ મળે. તેઓ ઈચ્છે છે કે સંતાનોમાં યોગની તાલીમ સાથે ભારતીય સંસ્કાર જળવાય. તેઓ ઈચ્છે છે કે,સંતાનો મહાત્મા ગાંધીજીને ગુજરાતીમાં વાંચે અને સરદાર પટેલની તળપદી ગુજરાતીની તાકાત કેટલી તે જાણે અને હા, માતાપિતા એમ પણ ઈચ્છે કે, પોતાનાં સંતાનો ઉત્તમ અંગ્રેજી ભણે અને દુનિયામાં ગમે ત્યાં જાય તો પાછાં ન પડે. જે કામ ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રે મુનશીના ભારતીય વિદ્યાભવને કર્યું, તેવું કામ પ્રાથમિક શિક્ષણના ક્ષેત્રે વિદ્યાભારતીની નિશાળો કરી શકે તો દેશની ખૂબ મોટી સેવા થશે. અંગ્રેજી માધ્યમથી બચીને ઉત્તમ અંગ્રેજી શીખવતી નિશાળોની ગુજરાતનાં માતા-પિતા તીવ્ર પ્રતિક્ષા કરી રહ્યાં છે.

રવિન્દ્રનાથે 'ગીતાંજલિ' બંગાળીમાં લખ્યું. એનો અનુવાદ વાંચતી વખતે સતત એવી લાગણી થાય કે બંગાળીમાં વાંચનારાઓ કેટલા નસીબદાર છે !'વૈષ્ણવજન' ભજનની પંક્તિઓનો અંગ્રેજીમાં અનુવાદ વાંચનાર શું ગુમાવે છે તેની ખબર કેવળ ગુજરાતીઓને જ હોય. ઉમાશંકરે ગુજરાતીભાષાને 'ગાંધીગિરા' કહેલી. ગુજરાતીના ભોગે અંગ્રેજી ? ના, ભાઈ ના. હૃદયમાં ગુજરાતી અને પછી મસ્તિષ્કમાં અંગ્રેજી ભલે રહ્યું ! માસીનું સ્થાન માતા પછી જ હોય, એમ કહેવામાં માસીને કોઈ અન્યાય થાય ખરો ? આ લખનાર અંગ્રેજીનો આશક છે. એ અંગ્રેજીનો દુશ્મન નથી. એ ગુજરાતી માધ્યમનું ફરજંદ છે. વર્ષો પહેલાં 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા'ના રેસિડેન્ટ તંત્રી તુષાર ભટ્ટ ચીખલી તાલુકાના ઍંઢલ ગામે ગુજરાતી નિશાળમાં ભણ્યા હતા. જેનું ગુજરાતી પાકું, તેનું અંગ્રેજી પણ સારું હોય એવી શકયતાઓ વધારે રહે છે. ગુજરાતી પ્રજા સ્વભાવે 'ગ્લોબલ' છે. એ નરસિંહ મહેતાને ભોગે શેક્સપિયરને પ્રેમ નહીં કરે. એ નરસિંહ મહેતાને માણ્યા પછી શેક્સપિયરને પ્રેમ કરવા પાછીપાની પણ નહીં કરે. આજ તો બંને જોખમમાં છે. બાવાના બેઉ બગડી રહ્યા છે !

**સાભાર : ગુણવંત શાહ**

માતાના ધાવણની સાથે જે સંસ્કાર મળે છે ને જે મધુર શબ્દો મળે છે તેની અને શાળાની વચ્ચે જે અનુસંધાન હોવું જોઈએ તે પરભાષા મારફત કેળવણી લેવામાં તૂટે છે. તે તોડનારના હેતુ પવિત્ર હોય, છતાં તે પ્રજાના દુશ્મન છે.આપણે તેવા શિક્ષણના ભોગ થવામાં માતૃદ્રોહ કરીએ છીએ.

મારી માતૃભાષા ગમે તેટલી અધૂરી હોય તોયે માની છાતીએથી હું અળગો ન થાઉં તેમ માતૃભાષાથી પણ ન થાઉં. મારા જીવનને ઘડનારું દૂધ મને તેના સિવાય બીજે કયાંથી મળે ?

- ગાંધીજી

**સૂચના :** તા.૧૦-૫-૧૦ થી તા.૧૩-૬-૧૦ સુધી શાળામાં વેકેશન રહેશે. તા.૧૪-૬-૧૦ને સોમવારથી રાબેતા મુજબ શાળા ખૂલશે.

તંત્રી, મુદ્રક પ્રકાશક : દિનુભાઈ દવે, આચાર્ય અને નિયામક,શારદામંદિર, અમદાવાદ-૩૮૦૦૦૭.
EMAIL : sharda.mandir@yahoo.com